ગાંધીનગર તાપમાન

મહત્તમ : ૩૩.૪ ડીગ્રી
લઘુતમ : ૨૩.૬ ડીગ્રી
ભેજ
સવારે ૬૫ ટકા ● સાંજે ૫૫ ટકા

# કોરોનાના કહેર વચ્ચે વહી સેવાકર્મીઓની કરૂણા

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગરમાં કોરોનાની સ્થિતિમાં લાગુ પાડવામાં આવેલા લૉકડાઉનની સ્થિતિમાં શહેરની ઝુંપડપટ્ટીમાં રહેતા રોજેરોજ કામ કરીને રોજેરોજનું ખાતા જરૂરિયાતમંદ વર્ગના શ્રમજીવી પરિવારોને અત્યારે કામ ધંધા બંધ થઈ જતા ભારે પરેશાનીનો સામનો કરવો પડી રહ્યો છે. આ જરૂરિયાત મંદો પાસે નાણાંની ખેંચ હોવાથી જીવનજરૂરી ચીજવસ્તુઓની દુકાનો ખુલ્લી હોવા છતાં તેઓ ખરીદી કરવા સમર્થન નથી. છેવટે તેમના પરિવારોને ભૂખ્યાં સુવાનો વારો આવે તેમ હતો પરંતુ શહેરના અનેક સેવાભાવી સ્વયંસેવકો તથા સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા નાસ્તા-પાણી, ભોજન વગેરેની વ્યવસ્થા પુરી પાડવમાં આવી હતી. આ રીતે કટોકટીના આ સમયમાં શહેરના સેવાભાવી નાગરિકોએ જવાબદારીપૂર્વક સેવાની સરવાણી વહાવી પ્રેરણાત્મક ઉદાહરણ પુરું પાડયું છે.

**● કાવ્યરત્ન ગૃપ**



ગાંધીનગર અને અમદાવાદના સેવાભાવી સ્વયંસેવકો દ્વારા ચલાવાતી સ્વૈચ્છિક સંસ્થા કાવ્યરત્ન ગૃપ દ્વારા સેકટર-૨૧ના પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર એ.જે. ચૌહાણને ૭૫ પેકેટસ ખિચડી તથા ૭૫ પેકેટસ ઘઉંના લોટના સુપરત કર્યા હતા. જેનું પોલીસે મોટા



ચિલોડા વિસ્તારમાં જરૂરિયાતમંદોમાં વિતરણ કર્યું હતું. આ સાથે તેમણે ૧૫ પેકેટસની જોડનું ધોળાકુવા ખાતે રહેતા શ્રમજીવીઓમાં પણ વિતરણ કર્યું હતું.

**● ગાંધીનગર રીઅલ એસ્ટેટ બ્રોકર્સ એસોસિએશન**

ગાંધીનગરના રીઅલ એસ્ટેટ બ્રોકર્સ એસોસિએશન દ્વારા પણ શહેરના જરૂરિયાતમંદોને આજે પુરી શાકનું ભોજન પીરસવામાં આવ્યું હતું. આ સેવાકાર્ય સેકટર-૭ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર



જિતેન્દ્ર સિંધવના માર્ગદર્શન હેઠળ બ્રોકર્સ એસોસિએશનના અમિત ઉપાધ્યાયની રાહબરી હેઠળ હાથ ધરવામાં આવ્યું હતું.

**● નિઃસ્વાર્થ ફાઉન્ડેશન - રોનક ફાઉન્ડેશન અને રાધે રાધે પરિવાર**

શહેરના સેવાભાવી યુવાનોની સંસ્થાઓ નિઃસ્વાર્થ ફાઉન્ડેશન, રોનક ફાઉન્ડેશન તથા રાધે રાધે પરિવારના યુવા સ્વયંસેવકો દ્વારા શહેરમાં વિવિધ



વિસ્તારમાં ઝુંપડપટ્ટીમાં રહેતા અને મજુરી કામ કરતા જરૂરિયાતમંદોને જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓની કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

**● સેવાભાવી ડ્રાઈવર રઘુભાઈની જલ સેવા**

ગાંધીનગરના સેકટર-૧૬ ખાતેની એક રાષ્ટ્રીયકૃત બેંકમાં ડ્રાયવર તરીકે સેવા બજાવતા યુવાન રઘુભાઈ દ્વારા મિત્રો સાથે મળીને




જરૂરિયાતમંદ વર્ગના શ્રમજીવી પરિવારોને બિસ્કિટ તથા પાણીની બોટલ્સનું વિતરણ કરવામાં આવ્યું હતું.

# સિવિલમાં મોટાભાગના વોર્ડ ખાલી તો કેટલાક વોર્ડ સંપૂર્ણ બંધ

ગાંધીનગર, તા.૨૬

ગુજરાત મેડીકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ સોસાયટી સંચાલિત ગાંધીનગર જનરલ હોસ્પિટલની નવી ૬૦૦ બેડની હોસ્પિટલમાં હાલના સમયે તમામ વિભાગના મળીને અંદાજીત ૧૦૦ જેટલા દર્દીઓ સારવાર હેઠળ છે. કોરોના ના ભયના કારણે હોસ્પિટલમાં ખાસ કિસ્સામાં જ દર્દીઓ આવે છે. તો કેટલાક દર્દીઓ રજા લઈને જતા રહ્યા છે. જેથી કેટલાક વોર્ડ સંપૂર્ણ બંધ હાલતમાં છે તો બીજા અન્ય વોર્ડમાં ગણતરીના દર્દીઓ સારવાર હેઠળ છે. જયારે સિવિલ હોસ્પિટલમાં ડોક્ટર્સ, સ્ટાફનર્સ અને કર્મચારીઓ ઉપરાંત ગણતરીના દર્દીઓ નજરે પડી રહ્યા છે.

મળતી વિગત મુજબ ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં તાવથી માડીને ડાયાલીસીસ સુધીની સારવાર થાય છે. રોજના હજ્જારો દર્દીઓ વિવિધ રોગની સારવાર માટે આવે છે. તાત્કાલીક વિભાગ ચોવીસ કલાક ધમધમતો રહે છે. ત્રણ માસ અગાઉ સિવિલની ઓપીડીમાં રોજના ૨૦૦૦ થી વધુ દર્દીઓ આવતા હતા, તો બીજીતરફ ૬૦૦ બેડની નવી બિલ્ડીંગમાં ક્ષમતા કરતા વધુ દર્દીઓ સારવાર લઈ રહ્યા હતા. સિવિલ દર્દીઓ અને સ્વજનોથી ઉભરાતી નજરે પડતી હતી. ત્યારે શહેરમાં કોરોના ના ભયના કારણે અને લોકડાઉનની પરિસ્થિતિ વચ્ચે સિવિલ હોસ્પિટલ ખાલીખમ છે. નવી બિલ્ડીંગમાં પીડીયાટ્રીક, ઈએનટી, આઈ, આઈસીયુ, હિમોડાયાલિસીસ, ઓર્થોપેડીક, સર્જીકલ, સાઈકીયાટ્રીક અને મેડીસીન વિભાગ આવેલા છે. ત્યારે નવી બિલ્ડીંગમાં હાલના સમયે તમામ વિભાગના થઈને ૧૦૦ જેટલા જ દર્દીઓ સારવાર હેઠળ છે. જયારે પ્રાપ્ત માહિતી મુજબ ૪૦૧,૪૦૨ મેઈલ ઓર્થોપેડીક વોર્ડ, પાંચમા માળે સર્જીકલ વોર્ડ અને ફિમેલ ઓર્થો વોર્ડ, અને છઠ્ઠા માળે આવેલ સર્જીકલ વોર્ડ દર્દીઓ ના હોવાથી બંધ હાલતમાં છે. જયારે ૮ માળે કોરોના અને સ્વાઈન ફ્લુ વોર્ડ ઉભા કરાયા છે. જેથી ૮ મા માળે આવેલ મેડીસીન વોર્ડ ૯ ટ્ઠા માળે કાર્યરત કરવામાં આવ્યો છે.ત્યારે સિવિલમાં ગણતરીના દર્દીઓ વચ્ચે ડોકટર્સ, અધિકારી-કર્મચારી, નર્સિંગ સ્ટાફ અને ખાનગી એજન્સીના કર્મચારીઓ મોં પર માસ્ક બાંધીને સલામતી અને સાવચેતી સાથે ફરજ બજાવતા નજરે પડે છે.

# શ્રમિકોને જમાડી વતન મોકલવાની વ્યવસ્થા કરી

## નાયબ મુખ્યમંત્રીની દિલેરી : મોડી રાત્રે રાજભવન નર્સરી પાસે પાંચસોથી સાતસો પરપ્રાંતિય શ્રમિકોનો જમાવડો : લકઝર બસોની વ્યવસ્થા કરી આપી



ગાંધીનગર તથા અમદાવાદ અને તેની આસપાસના વિવિધ વિસ્તારોમાંથી લૉકડાઉનની સ્થિતિના પગલે કામ-ધંધા ઠપ્પ થઈ જવાને કારણે વિવિધ પ્રકારની મજૂરી કરતાં શ્રમિકોએ પરિવાર સહિત વતનની વાટ પકડી હતી. ગઈ કાલે ગાંધીનગરથી ચિલોડા તરફના માર્ગો પર વતન ભણી હિજરત કરી જતા શ્રમિકોની સંખ્યા ખુબ મોટી હતી જેના કારણે ભાદરવી પુનમના મેળામાં જતા પદયાત્રીઓ જેવી સ્થિતિ સર્જાઈ હતી. આ સ્થિતિમાં ગઈકાલે રાજભવન નર્સરી પાસેથી પસાર થતાં 'જ' માર્ગ પર શ્રમિકોનો ધસારો વધી જતાં રાજયના નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ અને ગૃહ રાજયમંત્રી પ્રદિપસિંહ જાડેજા સ્થળ પર દોડી આવ્યા હતા. નાયબ મુખ્યમંત્રીએ તાત્કાલિક કાર્યકરો દ્વારા શ્રમિકો માટે કઢી-ખિચડીના ભોજનની વ્યવસ્થા કરાવી હતી તેમજ આ શ્રમમિકોને પગપાળાં જતાં જોઈ તેમનું હૃદય દ્રવી ઉઠતા તાત્કાલિક તેમના માટે લકઝરી બસોની સુવિધા ગોઠવી હતી.

મોડી સાંજે પગપાળાં ચાલતા જતા શ્રમિકોની સંખ્યા વધી જતા શહેરના સેવાભાવી કાર્યકરો દ્વારા કઢી-ખિચડી બનાવવામાં આવી હતી. આશરે પાંચસોથી સાતસોની સંખ્યામાં એકઠાં થયેલા અને દિવસભર ચાલીને થાકેલા આ શ્રમિકો મોટે ભાગે રાજસ્થાનના હતા. જેઓ ભૂખ્યાં પણ હતા. આ સ્થિતમાં સેવાભાવી કાર્યકરોએ તેમને કઢી-ખિચડીનું ભોજન પીરસ્યું હતું. આ સાથે સ્થળ પર ધસી આવેલા રાજયના નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલે અને ગૃહ રાજયમંત્રી પ્રદિપસિંહ જાડેજાએ આ શ્રમિકો સાથે સંવાદ કર્યો હતો જેમાં તેઓ પગપાળા ચાલતા ચાલતા પણ પોતાને વતન રાજસ્થાન અથવા લુણાવાડા, દાહોદ, બાલાસિનોર, ગોધરા વગેરે સ્થળે પહોંચવા કટીબધ્ધ જણાયા હતા. અંતે નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલે તુરંત તેમના માટે લકઝરી બસોની વ્યવસ્થા ગોઠવી હતી અને તેમને વતન તરફ પહોંચાડવા રવાના કર્યા હતા. આ સાથે સુત્રોના જણાવ્યા અનુસાર પ્રદિપસિંહ જાડેજાએ રાજસ્થાન સરકાર સાથે વાતચીત કરી આ શ્રમિકોને રાજસ્થાનમાં પ્રવેશ આપવા આંતરરાજય સરહદ ખોલવાની વ્યવસ્થા ગોઠવવા ભલામણ કરી હતી. શ્રમિકોને કઢી ખિચડીની ભોજન સેવા પુરી પાડવા માટે સેવાભાવી કાર્યકરો અંજના રાઠોડ, કિંજલ રાઠોડ, રાજેશ પ્રજાપતિ સહિત સ્વયંસેવકોએ જહેમત ઉઠાવી હતી.

# શહેરમાં સેવા — સહકારનો અનોખો સંગમ

ગાંધીનગર, તા.૨૬

નોવેલ કોરોના વાયરસનો હાહાકાર સમગ્ર રાજય સહિત દેશ-વિશ્વમાં મચી ગયો છે ત્યારે આવી મહાબિમારી સામેના સંઘર્ષમાં માનવતાના દર્શન થઈ રહ્યાં છે. હાલ નગરમાં સેવા — સહકારનો અનોખો સંગમ જોવા મળી રહ્યો છે. એકબાજુ જેના ઘર છે તેઓ ઘરમાં રહી કોરોનાના સંક્રમણથી બચવા ઘરની બહાર ન નીકળી જિલ્લા તંત્રને સહકાર આપે છે. તો બીજી બાજુ જેઓ માદરે વતની વાટ પકડી છે. રોજનું રોજ કમાઈ જીવન વીતાવી રહ્યાં છે, તેમની સેવામાં સેવાભાવી સંસ્થા, નાગરિકો સાથે સાથે સંવેદનશીલ સરકારના નિષ્ઠાવાન કર્મીયોગીઓએ ફરજ સાથે સેવા કરવાનું અનોખું કાર્ય કરી રહ્યાં છે. આજે ગાંધીનગરમાં વસતા તમામ શ્રમજીવી પરિવારની જઠર અગ્નિને ઠારવાનું કામ જિલ્લા વહીવટી તંત્રના કર્મયોગીઓ અને નગરની સેવાભાવી સંસ્થાઓ — નાગરિકો કરી રહ્યા છે... આજે નગરના માર્ગો સુમસામ છે, તો બીજી બાજુ ભારતની ઉમદા ટ્રાન્સપોર્ટ અને મુસાફરીની સેવા આપતું રેલ્વે સ્ટેશન પણ લોકડાઉન છે...... સલામ ગાંધીનગર



## સે-૩૦ સર્કલ નજીક પગપાળા જતા યાત્રિકો અને શ્રમિકો માટે ચા-પાણી અને ખીચડીની સેવા

ગાંધીનગર, તા.૨૬

કોરોના વાયરસના સંક્રમણને અટકાવવા સમગ્ર દેશ અને રાજયમાં લોક ડાઉનની પરિસ્થિતિ છે ત્યારે રેલ્વે, એસ.ટી., ખાનગી વાહનો વગેરે બંધ છે. ત્યારે શ્રમિકો કે જેઓને લોકડાઉનના કારણે કામ મળી શકે તેમ નથી. તેથી તેઓ પોતાના વતન તરફ પગપાળા જઈ રહ્યાં છે.

આવા શ્રમિકો જે સાબરકાંઠા, પંચમહાલ અને દાહોદ તરફ જઈ રહ્યાં છે. તેમને રસ્તામાં સેકટર-૩૦ સર્કલ મુકિતધામ નજીક આવેલા વસાણીના વણઝારા યુવકો દ્વારા પીવાનું પાણી, ચા



તેમજ ખીચડીનું ભોજન આપવામાં આવી રહ્યું છે. શ્રમિકો અને પગપાળા જતાં મુસાફરો ચા-પાણી અને ભોજન લઈને આ સેવાનો કરૂણાભાવથી માનવ — માનવ પ્રત્યેની સંવેદના દાખવતા યુવાનો ને લાખ લાખ સલામ કરી રહ્યાં હતા. જેમણે મો પર માસ્ક અને હાથમાં મોજા પહેર્યા હતા. તથા એક ફૂટથી વધુ અંતર રાખીને પાણીની બોટલ અને ભોજન પીરસી રહ્યાં હતા.

આ સેવાકાર્યના સેવક શ્રી નરસિંહભાઈ છનાભાઈ મકવાણાએ જણાવ્યું હતું કે, પ્રવર્તમાન પરિસ્થિતિમાં દરેક માણસને માણસની થોડીક લાગણી દાખવીએ તો તે તેના માર્ગમાં આગળ પહોંચવાની રાહત રહેશે. અમે યુવાનો એકઠા થઈને આ રસ્તા જતા વટેમાર્ગુઓને મદદ કરવાનો પ્રયાસ કર્યો છે. અમે પગપાળા ચાલતા જતા મુસાફરોને અત્યારે ટ્રેકટરની સુવિધા આપી ચિલોડા સર્કલ સુધી પહોંચાડવાએ છીએ. જેથી તેઓ ચાલતા તેમના વતન તરફ જઈ શકે.

# જુઓ, આ ને કહેવાય સાચું સોશ્યલ ડિસ્ટન્સિંગ...!!




વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સમગ્ર દેશવાસીઓને બે હાથ જોડીને લાગણીસભર ભાવે વિનંતી કરી હતી કે કોરોનાથી બચવા એક માત્ર ઉપાય અત્યારે 'સોશ્યલ ડિસ્ટન્સિંગ' જ છે જેને સૌએ ગંભીરતાપૂર્વક અપનાવવું જોઈએ. જો કે હજુ પણ અનેક નાગરિકો આ બાબતને ગંભીરતાથી લેતા નથી અને પાન-મસાલા-ગુટખા ખાવા કે માત્ર ટોળટપ્પાં કરવા લોકડાઉનનો ભંગ કરી રહ્યા છે. આ સમયે સુમસામ પડેલા સચિવાલયની સામે એકબીજા સાથે છતાં સલામત અંતર જાળવી બેઠેલા આ બગલાઓ જાણે માનવીને 'સોશ્યલ ડિસ્ટન્સિંગ'નો સાચો મતલબ સમજાવી રહ્યા છે. આપણે આ નિર્દોષ પંખીઓની સમજને જોઈને કંઈક તો શિખવાની જરૂર છે, આખરે આપણે માનવી છીએ...!!

# કોરોના સંક્રમણમાં લોકોને જીવન જરૂરી અનાજ પુરવઠાની વ્યવસ્થા કરાઈ






ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર જિલ્લામાં કોરોના વાયરસ **covid-19** ના સંક્રમણને અટકાવવા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા લોકડાઉન જાહેર કર્યા બાદ ધરમાં રહેલ લોકોને અનાજ પુરવઠો મળી રહે તે માટે જિલ્લાની ૧૬૨ વાજબી ભાવની દુકાનો પરથી નાગરિક પુરવઠો મળી રહે તે માટેની સંપૂર્ણ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

ગુજરાત રાજય નાગરિક પુરવઠા નિગમના ગાંધીનગર જિલ્લાના ગોડાઉન પરથી ગોડાઉન મેનેજર શ્રી આશાબેન રાણાએ જિલ્લા માહિતીની ટીમની મુલાકાત દરમ્યાન માહિતી આપતાં જણાવ્યું હતું કે, ૩૭ ( એફ.પી.એસ) વાજબી ભાવની દુકાનો માટે ગાંધીનગર જિલ્લાના ઝોનલ અને ગાંધીનગર તાલુકા માટે પુરવઠાનું વિતરણ કરવામાં આવ્યું છે. જેમાં ૬૬૮ ટન ઘઉં, ૨૮૩ ટન ચોખા, ૨૯ ટન ખાંડ તથા ૮૪ ટન ચણાદાળનો પુરવઠો પુરો પાડવામાં આવ્યો છે. હાલમાં પૂરતો સ્ટોક છે. પૂરવઠાની કોઈ મુશ્કેલી નથી. તેમજ રાજય સરકાર જેમ જેમ આદેશ આપશે તેમ પુરવઠાનો જથ્થો વિતરણ કરવામાં આવશે.